# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-ર અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com  web :-www.suratdeo.or


જા.નં./મા-૨/૨૦૨૬/ 12461  તા.૧૧/૦૯/૨૦૨૬

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ
સુરત.જિ.સુરત

**વિષય:-** પ્રિ-મેટ્રીક શિષ્યવૃતિ યોજનાના અમલીકરણ બાબત.
**સંદર્ભ:-** ૧.કમિશનર શાળાઓની કચેરી ગાંધીનગરનો પત્ર ક્રમાંક નં.COS/0040/09/2026 તા.૦૮/૦૯/૨૦૨૬ પત્ર અન્વયે.

આ સાથે સામેલ કમિશનર શાળાઓની કચેરીનો તા.૦૮/૦૯/૨૦૨૬ પત્ર અન્વયે.શાળાઓમાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને મળવાપાત્ર પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ/ સહાયની યોજનાઓનો અગાઉના વર્ષની જેમ શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે વિદ્યાર્થીઓને યોજના સત્વરે નિકાલ થાય તે અન્વયે શાળાઓએ તાત્કાલિક અસરથી અમલ કરવો.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણ :- ઉકત પરિપત્રની નકલ

Scanned with OKEN Scanner

er No: COS/0040/09/2026 Approved Date: 08-09-2026 02:37

કમિશનર શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, બીજો માળ,
સેક્ટર-૧૯, ગાંધીનગર

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિ.(તમામ).

વિષય: શાળાઓના આચાર્યશ્રીઓ મારફત Digital Gujarat Portal ઉપર પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ/સહાયની દરખાસ્ત સત્વરે ઓનલાઇન મોકલી આપવા બાબત.

સંદર્ભ: શિક્ષણ વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: ED/MIS/e-file/3/2026/4554/CH, તા. ૦૫/૦૮/૨૦૨૬.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ દર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હસ્તકના નિયામક, વિકસતી જાતિ કલ્યાણ અને નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ દ્વારા રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકારની જુદી જુદી પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ/સહાય યોજનાઓનો અમલ Digital Gujarat Portal મારફત કરવામાં આવે છે. જે અંગેની કામગીરી સંબંધિત શાળાના આચાર્યશ્રીએ ઓનલાઇન કરવાની રહે છે.

ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકાર પુરસ્કૃત જુદી-જુદી પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાઓ હેઠળ વિદ્યાર્થીઓની ઓનલાઇન દરખાસ્તો Digital Gujarat Portal મારફત સંબંધિત શાળાઓના આચાર્યશ્રીઓ દ્વારા કરવાની થાય છે.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તાજેતરના રીવ્યુ મુજબ, નિયામક, વિકસતી જાતિ કલ્યાણ અને નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગના અંદાજિત લક્ષ્યાંક સામે ખૂબ જ ઓછી સંખ્યામાં વિદ્યાર્થીઓની દરખાસ્તો Digital Gujarat Portal ઉપર સબમિટ થયેલ છે. હજુ પણ રાજ્ય અને કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ હેઠળ અંદાજે ૨૪.૯૫ લાખ જેટલા પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિની દરખાસ્તો શાળાઓના આચાર્યશ્રીઓ તરફથી મળવાની બાકી છે. શિષ્યવૃત્તિથી કોઈ પણ પાત્રતા ધરાવતો વિદ્યાર્થી વંચિત ન રહી જાય તે સુનિશ્ચિત કરવું અનિવાર્ય છે.

આથી, આપના તાબા હેઠળની તમામ સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટેના બાકી રહેતા તમામ પાત્ર વિદ્યાર્થીઓની જુદી જુદી પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ/સહાયની દરખાસ્તો Digital Gujarat Portal પર તાત્કાલિક અને સમયમર્યાદામાં ઓનલાઇન સબમિટ કરવા માટે આપના સ્તરેથી કડક સૂચનાઓ જાહેર કરવા જણાવવામાં આવે છે.

બિડાણ: સંદર્ભિત પત્રોની નકલ

નાયબ શિક્ષણ નિયામક (માધ્યમિક)
કમિશનર શાળાઓની કચેરી,
ગુ.રા, ગાંધીનગર.

નકલ રવાના જાણ સારૂ:

- સેક્શન અધિકારીશ્રી, ચ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

File No: COS/MIS/e-file/276/2025/0697/SECONDARY
Approved By: Joint Director,SECONDARY,COS

Validity unknown
Signed by : SanjayKumar Patel
Deputy Director
... the document in Adobe Acrobat DC to verify the E-sign



Scanned with OKEN Scanner